# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબનું જાહેરનામું.

ક્રમાક:ટફક/જગન્નાથજી રથયાત્રા/જાહેરનામું/ ૬૯૭૮ /૨૦૨૪

પોલીસ કમિશ્નરની કચેરી,

સુરત શહેર. તા.૦૫/૦૭/૨૦૨૪

સુરત શહેરમાં જગન્નાથજી રથયાત્રાનો ધાર્મિક તહેવાર હિન્દુ ધર્મનાં લોકો દ્વારા દર વર્ષે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે અને આ પર્વ દરમ્યાન તા.૦૭/૦૭/૨૦૨૪નાં રોજ સુરત શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા રેલ્વે સ્ટેશનથી શરૂ થઇ દિલ્હીગેટથી ફાલસાવાડી સર્કલથી બ્રિજ નીચે થઇ સહારા દરવાજા બ્રિજ નીચેથી રીંગરોડ ટેક્ષટાઇલ માર્કેટથી માનદરવાજાથી ઉધના દરવાજા બ્રિજ નીચેથી મજુરાગેટથી અઠવાગેટથી સરદાર બ્રિજ થઇને ગુજરાત ગેસ સર્કલથી ચોક્સીવાડી, ઋષભ ચાર રસ્તા રાંદેર રોડથી નવયુગ કોલેજથી તાડવાડી ત્રણ રસ્તાથી પાલનપુર પાટીયાથી રામનગર થઇ મોરાભાગળથી સુભાષબાગ ગાર્ડન સર્કલથી જહાંગીરપુરા ઓવરબ્રિજ નીચેના ત્રણ રસ્તાથી જહાંગીરપુરા ઇસ્કોન સર્કલથી જમણે ટર્ન લઇ ઇસ્કોન મંદિર જહાંગીરપુરા ખાતે પૂર્ણ થનાર છે.

સુરત શહેરના રીંગરોડ ટેક્ષટાઇલ માર્કેટ મુખ્યમાર્ગ ઉપરથી સદર રથયાત્રા પસાર થાય છે. અને રથયાત્રામાં મોટી સંખ્યામાં હિન્દુ ધર્મનાં લોકો જોડાતા હોવાથી અને મુખ્ય માર્ગ ઉપર વાહનોની મોટી સખ્યામાં અવર-જવરના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાવાની શકયતા છે. જેથી જાહેર જનતાના હિતાર્થે ટ્રાફિક નિયમન સરળતાથી અને સુચારૂ રીતે થઇ શકે તેમજ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે સારૂ ટ્રાફિક નિયમન જાહેર હીતમાં ઉચિત અને અનિવાર્ય છે.

## :: હુકમ ::

વાસ્તે હું અનુપમ સિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવવાના નિર્ણય ઉપર આવેલ છું.

## :: પ્રતિબંધિત વિસ્તાર અને કૃત્ય ::

સુરત શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા રેલ્વે સ્ટેશનથી શરૂ થઇ દિલ્હીગેટથી ફાલસાવાડી સર્કલથી બ્રીજ નીચે સહારા દરવાજાથી બ્રીજ નીચે રીંગરોડ ટેક્ષટાઈલ માર્કેટથી માનદરવાજાથી ઉધના દરવાજા બ્રિજ નીચેથી મજુરાગેટથી અઠવાગેટથી સરદાર બ્રિજ થઇને ગુજરાત ગેસ સર્કલથી ચોક્સીવાડી, ઋષભ ચાર રસ્તા રાંદેર રોડથી નવયુગ કોલેજથી તાડવાડી ત્રણ રસ્તાથી પાલનપુર પાટીયાથી રામનગરથી મોરાભાગળથી સુભાષબાગ ગાર્ડન સર્કલથી જહાંગીરપુરા ઓવરબ્રિજ નીચેના ત્રણ રસ્તાથી જહાંગીરપુરા ઇસ્કોન સર્કલથી જમણે ટર્ન લઇ ઇસ્કોન મંદિર જહાંગીરપુરા સુધીના મુખ્ય માર્ગ ઉપર તા.૦૭/૦૭/૨૦૨૪ નાં કલાક-૦૬/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી ભારે વાહનોની અવર- જવર પર પ્રતિબંધ રહેશે.

## :: વિકલ્પ ::

ઉપરોકત તારીખ અને સમય દરમ્યાન નીચે મુજબના રસ્તાઓનો ઉપયોગ કરીને તથા રથયાત્રા જે રસ્તા પરથી પસાર થઇ જાય તે રસ્તા પરથી વાહનો અવર જવર કરી શકશે.

## :: અપવાદ ::

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMCના વાહનો અને ગુજરાત સરકારશ્રીના તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા.૦૭/૦૭/૨૦૨૪ ના કલાક-૦૬/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૦૫/૦૭/૨૦૨૪ નાં રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

સવિનય નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)

(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)